# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સ્વીડનની બે દિવસીય મુલાકાતે ગોથેનબર્ગ પહોંચશે- સ્વીડનના પ્રધાનમંત્રી  સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે.

2) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ, સર્વોચ્ચ અદાલત સુધારા વટહુકમ, 2026 ને મંજૂરી આપી.

3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે ગાંધીનગર મહાનગરપાલિકાના રૂપિયા 620 કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે.

4) નેધરલેન્ડ્સ ની કંપની ASML એ , ગુજરાતના ધોલેરામાં ચિપ ઉત્પાદન માટે ટાટા ઇલેક્ટ્રોનિક્સ સાથે ભાગીદારી કરી.

5) સરકારે ચાંદીની આયાત પર નિયંત્રણો મૂક્યા.

6) થાઈલેન્ડ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટની પુરુષ ડબલ્સની ફાઇનલમાં, આજે ભારતના સાત્વિકસાઈરાજ અને ચિરાગ શેટ્ટીનો સામનો ઇન્ડોનેશિયાની જોડી સામે થશે.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV.-PM---SWEDEN.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સ્વીડનની બે દિવસીય મુલાકાતે ગોથેનબર્ગ પહોંચશે. શ્રી મોદી તેમના સ્વીડિશ સમકક્ષ ઉલ્ફ ક્રિસ્ટરસન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે, જેમાં દ્વિપક્ષીય સંબંધોના સમીક્ષા કરવામાં આવશે અને દ્વિપક્ષીય વેપાર તેમજ ગ્રીન ટ્રાન્ઝિશન, એઆઈ, ઉભરતી ટેકનોલોજી, સ્ટાર્ટઅપ્સ, સ્થિતિસ્થાપક સપ્લાય ચેઇન, સંરક્ષણ, અવકાશ, આબોહવા કાર્યવાહી અને લોકો સંપર્ક  જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે નવા માર્ગો શોધવામાં આવશે.

પ્રસ્તુત છે એક અહેવાલ

(BYTE: SAKSHI-SINGH—SWEDEN)

# PM NETHERLANDS STRATEGIC-PARTNERSHIP.RTF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નેધરલેન્ડના પ્રધાનમંત્રી રોબ ઝેટ્ટેન વ્યાપક ચર્ચા બાદ, બંને દેશો તેમના દ્વિપક્ષીય સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારીના સ્તરે વધારવા સંમત થયા છે. વાતચીત દરમિયાન, બંને નેતાઓએ વેપાર, સંરક્ષણ, ટેકનોલોજી, પાણી વ્યવસ્થાપન, સ્વચ્છ ઉર્જા, આરોગ્યસંભાળ અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગની સમીક્ષા કરી. પ્રાથમિકતા ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવા માટે અનેક કરારો પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા.

સંબંધોને વ્યૂહાત્મક ભાગીદારી સુધી પહોંચાડવાની જાહેરાત કરતા, પ્રધાનમંત્રી મોદીએ નોંધ્યું કે છેલ્લા દાયકામાં ભારત-નેધરલેન્ડ સંબંધોમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. શ્રી મોદીએ નેધરલેન્ડને ભારતના મુખ્ય યુરોપિયન ભાગીદારોમાંના એક તરીકે વર્ણવ્યું

## (BYTE: PM-STRATEGIC-PARTNERSHIP)

નેધરલેન્ડ્સના પ્રધાનમંત્રી એ પણ ભારત સાથેના સંબંધોના વધતા મહત્વ પર ભાર મૂક્યો અને આર્થિક અને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં મજબૂત સહયોગને સમર્થન આપ્યું.

# PREZ - SC JUDGE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સર્વોચ્ચ અદાલત (ન્યાયાધીશોની સંખ્યા) સુધારા વટહુકમ, 2026 ને મંજૂરી આપી છે, જેમાં મુખ્ય ન્યાયાધીશને બાદ કરતાં સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીશોની મંજૂર સંખ્યા 33 થી વધારીને 37 કરવામાં આવી છે. કાયદા અને ન્યાય મંત્રાલયના એક સૂચના અનુસાર, આ વટહુકમ સર્વોચ્ચ અદાલત અધિનિયમ, 1956 માં સુધારો કરે છે. આ સુધારાથી સર્વોચ્ચ અદાલતમાં મુખ્ય ન્યાયાધીશ સહિત ન્યાયાધીશોની કુલ સંખ્યા 38 થઈ ગઈ છે.

# SHAH GUJRAT VISIT

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ગુજરાતના બે દિવસના પ્રવાસે છે. શ્રી શાહ આજે ગાંધીનગર મહાનગરપાલિકાના રૂપિયા 620 કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે.

તેઓ ગાંધીનગર ગાંધીનગર જિલ્લાના દશેલા ખાતે 128 કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલ મધુર ડેરીના કુલ્લી ઓટોમેટીક મિલ્ક પ્રોસેસિંગ અને પેકેજીંગ પ્લાન્ટનું લોકાર્પણ કરવાના છે.

# TATA-ASML CHIP PARTNERSHIP IN DHOLERA

નેધરલેન્ડ્સ ની કંપની ASML એ , ગુજરાતના ધોલેરામાં ચિપ ઉત્પાદન માટે ટાટા ઇલેક્ટ્રોનિક્સ સાથે ભાગીદારી કરી છે

ટાટા ઇલેક્ટ્રોનિક્સ અને ડચ કંપની ASML એ ભારતમાં સેમિકન્ડક્ટર ઉત્પાદનને પ્રોત્સાહન આપવા ગઇકાલે કરાર પર હસ્તાક્ષર કર્યાં છે. ટાટા ઇલેક્ટ્રોનિક્સ અને ડચ સેમિકન્ડક્ટર સાધનો ઉત્પાદક ASML એ કરેલી ભાગીદારી હેઠળ, ASML ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સના આગામી 300mm સેમિકન્ડક્ટર ફેબ પ્રોજેક્ટની સ્થાપના અને સંચાલનને સમર્થન આપશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નેધરલેન્ડ મુલાકાત દરમિયાન આ કરારની જાહેરાત કરવામાં આવી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# SILVER IMPORT RESTRICTIONS

સરકારે ચાંદીની આયાત પર નિયંત્રણો મૂક્યા છે. વિદેશ વેપાર મહાનિર્દેશાલયે એક સૂચનામાં જણાવ્યું હતું કે સોના અને પ્લેટિનમ પ્લેટેડ ચાંદી સહિત ચાંદીની આયાત માટેની નીતિને - તાત્કાલિક અસરથી 'મુક્ત' શ્રેણીમાંથી 'પ્રતિબંધિત' શ્રેણીમાં મૂકવામાં આવી છે. સરકારે બુધવારે કિંમતી ધાતુઓ પરની આયાત ડ્યુટી છ ટકાથી વધારીને 15 ટકા કરી હતી. ઉલ્લેખનીય છે કે પ્રતિબંધિત શ્રેણી હેઠળ આવતી વસ્તુઓની આયાત માટે સરકારી લાઇસન્સ જરૂરી છે.

# MAHARASHTRA MAOISTS-ARRESTED.RTF

મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં, પોલીસ અને CRPF એ "ઓપરેશન એન્ટિમ પ્રહાર" હેઠળ આઠ માઓવાદીઓની ધરપકડ કરી છે જ્યારે અન્ય પાંચ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે.

ધરપકડ કરાયેલા આઠ માઓવાદીઓમાં બે ડિવિઝનલ કમિટીના સભ્યો અને બે પ્લાટૂન પાર્ટી કમિટીના સભ્યોનો સમાવેશ થાય છે, આ માઓવાદીઓ પર 64 લાખ રૂ નું સંયુક્ત ઇનામ જાહેર કરાયું હતું. સુરક્ષા દળોએ ઓપરેશન દરમિયાન મોટી માત્રામાં શસ્ત્રો અને રોકડ જપ્ત કર્યા છે.

આ પહેલા, 16 મેના રોજ, પાંચ અન્ય માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું હતું.

# ASI –DHAAR

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) એ મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં ભોજશાળા સંકુલમાં પૂજા અને અન્ય હેતુઓ માટે હિન્દુઓને સ્મારકમાં અમર્યાદિત પ્રવેશની મંજૂરી આપી છે. ASI નો આ નિર્ણય મધ્યપ્રદેશ હાઈકોર્ટે ધારમાં ભોજશાળાને દેવી સરસ્વતીનું મંદિર ગણાવ્યાના એક દિવસ બાદ આવ્યો છે.

હાઈકોર્ટની ઈન્દોર બેન્ચે 7 એપ્રિલ, 2003 ના ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના આદેશને પણ રદ કર્યો હતો, જેમાં મુસ્લિમોને દર શુક્રવારે ભોજશાળા સંકુલમાં નમાજ અદા કરવાની મંજૂરી આપવામાં આવી હતી. બેન્ચે કહ્યું હતું કે મુસ્લિમ સમુદાય જિલ્લામાં મસ્જિદના નિર્માણ માટે અલગ જમીન ફાળવવા માટે રાજ્ય સરકારનો સંપર્ક કરી શકે છે.

# THAILAND-OPEN.RTF

થાઈલેન્ડ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના પુરુષ ડબલ્સની ફાઇનલમાં આજે ભારતના સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીનો સામનો ઇન્ડોનેશિયાની જોડી સામે થશે.

ગઇકાલે ભારતીય જોડીએ સેમિફાઇનલમાં મલેશિયાની જોડીને 19-21, 22-20 21-16 થી હરાવી ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

# IPL-CRICKET.RTF

IPL, ટુર્નામેન્ટમાં, આજે બપોરે પંજાબ કિંગ્સ, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે અને સાંજે દિલ્હી કેપિટલ્સ રાજસ્થાન રોયલ્સ સામે ટકરાશે.

ગઇકાલે રમાયેલી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સે, ગુજરાત ટાઇટન્સને 29 રનથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા, નાઈટ રાઈડર્સે નિર્ધારિત 20 ઓવરમાં 2 વિકેટે 247 રન બનાવ્યા હતા. જવાબમાં, ગુજરાત ટાઇટન્સ 4 વિકેટ ગુમાવીને ફક્ત 218 રન જ બનાવી શક્યું. કોલકાતા તરફથી ફિન એલને સૌથી વધુ 93 રન બનાવ્યા અને સુનીલ નારાયણે 2 વિકેટ લીધી. સુનીલ નારાયણને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

## આજના અખબારોએ વિવિધ સમાચારોને હેડલાઇનમાં સ્થાન આપ્યું છે

1. આજના સંદેશની હેડલાઇન છે – આજનું ભારત ઇનોવેશન પાવર છે:મોદી
2. દિવ્ય ભાસ્કર લખે છે – આફતોનો દાયકો... સ્થિતિ બદલાશે નહીં તો ગરીબી વધશે:મોદી
3. ગુજરાત સમાચારે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન ઈરાનને પરમાણુ બોમ્બ નહીં જ બનવા દઉં ને હેડલાઇન બનાવી છે.
4. ફૂલછાબ લખે છે - રૂપિયાને બચાવશે રૂપું , ચાંદીની આયાત ઉપર તાત્કાલિક અસરથી પ્રતિબંધ
5. આ ઉપરાંત માત્ર 1 માહિનામાં જૂની જ્વેલરીના 2072 કરોડના હીરા ભારત પરત અને બેરીજગારી છ માસની ટોચે સહિતના સમાચારો પહેલા પાને વાંચવા મળી રહ્યા છે.
6. સાત લાખ દુકાનદારો, 60 હજારથી વધુ ડિસ્ટ્રીબ્યુટર્સનો FMCG કંપની સામે મોરચો આ સમાચારને ગુજરાત સમાચારે છેલ્લા પાને સ્થાન આપ્યું છે.

# HC - RG KAR CASE

પશ્ચિમ બંગાળમાં, આરજી કર મેડિકલ કોલેજ દુષ્કર્મ અને હત્યા કેસની સુનાવણી કોલકત્તા હાઈકોર્ટના જસ્ટિસ શંપા સરકાર અને જસ્ટિસ તીર્થંકર ઘોષની ડિવિઝન બેન્ચ દ્વારા કરવામાં આવશે.અગાઉ, જસ્ટિસ રાજા શેખર મંથા અને રોય ચટ્ટોપાધ્યાયે 11 મેના રોજ આ કેસમાંથી પોતાને અલગ કરી લીધા હતા. એકમાત્ર આરોપી સંજય રોયને જાન્યુઆરી 2025 માં આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. આ કેસની તપાસ CBI દ્વારા કરવામાં આવી રહી છે. પીડિતાના માતા-પિતાએ કેસની ફરીથી તપાસની માંગ કરી છે. મૃતકના માતા-પિતાએ કોલકાતાની સિયાલદાહ કોર્ટમાં કેસ દાખલ કર્યો છે, જેમાં તૃણમૂલ કોંગ્રેસના ભૂતપૂર્વ ધારાસભ્ય નિર્મલ ઘોષ, સંજીબ મુખોપાધ્યાય અને ઘોલા પોલીસ સ્ટેશનના તત્કાલીન પ્રભારીની ધરપકડ કરવાની માંગ કરવામાં આવી છે. પીડિતાના માતા-પિતાએ ફરિયાદ કરી છે કે આ ત્રણ વ્યક્તિઓએ પીડિતાના બીજા પોસ્ટમોર્ટમમાં અવરોધ ઊભો કર્યો હતો અને યોગ્ય પ્રક્રિયાઓનું પાલન કર્યા વિના ઉતાવળે મૃતદેહનો અગ્નિસંસ્કાર કર્યો હતો.